GJMR020036692016

સત્યમેવ જયતે

દાખલ તારીખ :– ૦૩/૦૮/૨૦૧૬
નોંધ્યા તારીખ :– ૦૩/૦૮/૨૦૧૬
ફેંસલ તારીખ :– ૦૨/૦૭/૨૦૨૬

સમયગાળો :– વર્ષ–માસ–દિવસ
૦૯ – ૧૦ – ૩૦

**મહે. પ્રિન્સી. સીની. સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ:મોરબી.**

**સ્પે. દિવાની દાવા નંબર:–૩૪/૨૦૧૬**
**આંક:–૬૯**

**વાદી :–** બાલાજી પેકેજીંગના ભાગીદાર પેઢીના ભાગીદાર તથા કુલમુખત્યાર,
ધર્મે:–હિન્દુ, ધંધો:–વેપાર, ઉ.વ.૫૩
રહે.ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કાવેરી સીરામીકની સામે,
૮–એ નેશનલ હાઈવે, તા.મોરબી જી. મોરબી.

**–::વિરુધ્ધ::–**

**પ્રતિવાદીઓ:–**

(1) Shell & Pearl Ceramics Ltd. (Office)
207, Sarthik 2, Opp. Rajpath Club, S.G. Road, Ahmedabad (Gujarat).

(2) Prafula N. Gattani
Adult, Business, Hindu
Add. No.3 to 5: --- 207, Sarthik 2, Opp. Rajpath Club, S.G. Road, Ahmedabad (Gujarat)

(3) Madhukanta N. Gattani
Adult, Business, Hindu
Add. No.3 to 5: 207, Sarthik 2, Opp. Rajpath Club, S.G. Road, Ahmedabad (Gujarat)

(4) Kavita M. Nambiyar
Adult, Business, Hindu
Add. No.3 to 5: --- 207, Sarthik 2, Opp. Rajpath Club, S.G. Road, Ahmedabad (Gujarat)

**બાબત :–  બાકી લેણાની રકમ વસુલ મેળવવા અંગેનો દાવો.**

---

વાદી તરફે :– વિ.વ.શ્રી સી.પી.સોરીયા

પ્રતિવાદી તરફે :– વિ.વ.શ્રી એલ.એમ.પટેલ

---

**–::ઠરાવ::–**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અમો વાદી બાલાજી પેકેજીંગના ભાગીદાર હોય અને તે ભાગીદાર દરજજે તેમજ ભાગીદારી પેઢીના ભાગીદારોએ સદરહું કેસ લાવવા માટે મુખત્યારનામું પણ કરી આપેલ છે તે મુખત્યાર તેમજ ભાગીદાર દરજજે હાલનો આ દાવો લાવેલ છીએ. અમો વાદી કોરૂગેટેડ બોક્ષ, કોરુગેટેડ સીટ, તથા તમામ પ્રકારના પેકીંગ મટીરીયલ્સનું ઉત્પાદન કરવાનું તથા તેવી બનાવટોનું ખરીદ– વેચાણ કરવાનો તેમજ ઓફસેટ પ્રિન્ટીંગ કરવાનો ધંધો વી. કરીએ છીએ. તેમજ આ કામના પ્રતિવાદી તે કોરૂગેટેડ બોક્ષ, કોરૂગેટેડ સીટ, તથા તમામ પ્રકારના પેકીંગ મટીરીયલ્સ વેચવા માટે અમો વાદી પાસેથી ઉધાર માલની ખરીદી કરેલ છે. આમ અમો વાદી આ કામના પ્રતિવાદીને સારી રીતે ઓળખીએ છીએ. આમ અમો વાદી તેમજ આ કામના પ્રતિવાદી વચ્ચે વ્યાપારીક સંબંધ આવેલ છે. આ કામના અમો વાદી ઉપરોકત સરનામે દર્શાવ્યા સ્થળે કોરૂગેટેડ બોક્ષ, કોરૂગેટેડ સીટ, તથા તમામ પ્રકારના પેકીંગ મટીરીયલ્સ વી. વેચવાનો ધંધો કરતા હોય તેમજ આ કામના પ્રતિવાદી અમો વાદી પાસેથી ક્રેડીટ પર ખરીદી કરેલ છે. તેમજ આ કામના પ્રતિવાદીએ તા.૧/૪/૨૦૧૩ થી તા.૩૧/૩/૨૦૧૪ સુધીમાં અલગ અલગ બીલથી કુલ રકમ રૂા. ૩૩,૧૫,૪૫૯/– અંકે રૂપીયા તેત્રીસ લાખ પંદર હજાર ચારસો ઓગણ સાઈઠ પુરાની ઉધાર માલની ખરીદી કરેલ જે બીલની વિગતો આ મુજબ છે. આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૩૫૪ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા.

૨,૫૩,૯૧૬/– અંકે રૂપિયા બે લાખ ત્રેપન હજાર નવસો સોળ પુરાનો તા.૧૮ /૧૧/૨૦૧૩ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ ઈન્વોઈસ નં. ૩૬૩ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા.૨,૪૫,૮૩૩/– અંકે રૂપિયા બે લાખ પિસ્તાલીસ હજાર આઠસો ત્રેતીસ પુરાનો તા.૨૫/૧૧/૨૦૧૩ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૩૬૮ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૨૩,૨૫૬/–અંકે રૂપિયા બે લાખ તેવીસ હજાર બસો છપ્પન પુરાનો તા.૨૨/૧૨/૨૦૧૩ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૩૬૯ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા.૨,૨૭, ૧૫૮/– અંકે રૂપિયા બે લાખ સતીયાવીસ હજાર એકસો અઠાવન પુરાનો તા. ૨૪/૧૨/૨૦૧૩ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૩૭૭ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૦૪,૫૮૨/– અંકે રૂપિયા બે લાખ ચાર હજાર પાંચસો બીયાસી પુરાનો તા.૦૭/૦૧/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૩૮૨ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા.૨,૨૦,૪૭૦/– અંકે રૂપિયા બે લાખ વીસ હજાર ચારસો સીતેર પુરાનો તા.૧૧/૦૧/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૩૯૬ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૩૨,૪૫૪/– અંકે રૂપિયા બે લાખ બત્રીસ હજાર ચારસો ચોપ્પન પુરાનો તા.૨૬/૦૧/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં.૪૧૦ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૪૩,૬૦૩/–અંકે રૂપિયા બે લાખ તેતાલીસ હજાર છસો ત્રણ પુરાનો તા.૧૨/૦૨/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૪૧૩ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૪૮,૩૪૨/– અંકે રૂપિયા બે લાખ અડતાલીસ હજાર ત્રણસો બેતાલીસ પુરાનો તા. ૧૬/૦૨/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૪૧૫ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા.૨,૪૨,૪૮૮/–અંકે રૂપિયા બે લાખ

બેતાલીસ હજાર ચારસો અઠીયાસી પુરાનો તા.૨૦/૦૨/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૪૨૯ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૩૪,૯૬૩/– અંકે રૂપિયા બે લાખ ચોત્રીસ હજાર નવસો ત્રેસઠ પુરાનો તા.૦૨/૦૩/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૪૩૫ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૫૫,૬૪૫/– અંકે રૂપિયા બે લાખ પંચાવન હજાર છસો પીસ્તાલીસ પુરાનો તા.૦૬/૦૩/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૪૫૩ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૩૭,૪૭૩/– અંકે રૂપિયા બે લાખ સાડત્રીસ હજાર ચારસો તોતેર પુરાનો તા.૨૦/૦૩/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. તેમજ ઈન્વોઈસ નં. ૪૫૯ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૪૫,૨૭૬/– અંકે રૂપિયા બે લાખ પીસ્તાલીસ હજાર બસો છોતેર પુરાનો તા.૨૩/૦૩/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે.

આ કામના પ્રતિવાદીએ તા. ૧/૪/૨૦૧૪ થી તા.૩૧/૩/૨૦૧૫ સુધીમાં અલગ અલગ બીલથી કુલ રકમ રૂા. ૪૨,૨૬,૩૩૭/– અંકે રૂપીયા બેતાલીસ લાખ છવ્વીસ હજાર ત્રણસો સાડત્રીસ પુરાની ઉધાર માલની ખરીદી કરેલ જે બીલની વિગતો આ મુજબ છે. આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૦૩ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૨૬,૭૬૯/– અંકે રૂપિયા બે લાખ છવીસ હજાર સાતસો ઓગણ સીતેર પુરાનો તા.૦૩/૦૪/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૨૩ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૫૫,૮૬૭/– અંકે રૂપિયા બે લાખ પંચાવન હજાર આઠસો સડસઠ પુરાનો તા. ૧૫/૦૪/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં.૨૪ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૩૯,૬૯૯/– અંકે રૂપિયા બે લાખ ઓગણચાલીસ હજાર છસો નવાણું પુરાનો તા.

૧૮/૦૪/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં.૭૧ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૬૧,૪૪૨/- અંકે રૂપિયા બે લાખ એકસઠ હજાર ચારસો બેતાલીસ પુરાનો તા.૨૨/૦૫/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૧૦૪ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૧૩,૭૮૦/- અંકે રૂપિયા બે લાખ તેર હજાર સાતસો એંસી પુરાનો તા.૧૫/૦૬/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં.૧૧૫ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૫૨,૫૨૩/–અંકે રૂપિયા બે લાખ બાવન હજાર પાંચસો તેવીસ પુરાનો તા.૨૬ /૦૬/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૧૨૪ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૪૮,૨૯૫/- અંકે રૂપિયા બે લાખ અડતાલીસ હજાર બસો પંચાણું પુરાનો તા.૦૪/૦૭/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૧૩૦ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૫૭,૦૬૫/- અંકે રૂપિયા બે લાખ સતાવન હજાર પાંસઠ પુરાનો તા.૦૮/૦૭/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૧૩૬ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૧,૯૯,૮૪૪/- અંકે રૂપિયા એક લાખ નવાણું હજાર આઠસો ચુમાલીસ પુરાનો તા.૧૨ /૦૭/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં.૧૩૯ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૫૯,૪૯૦/- અંકે રૂપિયા બે લાખ ઓગણ સાંઈઠ હજાર ચારસો નેવું પુરાનો તા.૧૫/૦૭/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૧૫૭ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૬૦,૦૪૯/- અંકે રૂપિયા બે લાખ સાંઈઠ હજાર ઓગણપચાસ પુરાનો

તા.૨૮/૦૭/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૧૮૫ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૩૧,૩૫૩/– અંકે રૂપિયા બે લાખ એકત્રીસ હજાર ત્રણસો તેપન પુરાનો તા.૩૦/૦૮/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં.૧૯૦ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૬૩,૪૪૯/– અંકે રૂપિયા બે લાખ ત્રેસઠ હજાર ચારસો ઓગણપચાસ પુરાનો તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૨૦૦ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૫૮,૦૯૭/– અંકે રૂપિયા બે લાખ અઠાવન હજાર સતાણું પુરાનો તા. ૧૨/૦૯/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૨૦૮ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૬૯,૫૨૫/– અંકે રૂપિયા બે લાખ ઓગણસીતેર હજાર પાંચસો પચ્ચીસ પુરાનો તા.૧૬/૦૯/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૨૨૦ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા. ૨,૬૩,૪૬૯/– અંકે રૂપિયા બે લાખ ત્રેસઠ હજાર ચારસો ઓગણસીતેર પુરાનો તા. ૩૦/૦૯/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ ઈન્વોઈસ નં. ૨૫૨ થી બીલની વિગતવાળો માલ કુલ રકમ રૂા.૨,૬૫, ૬૨૧/– અંકે રૂપિયા બે લાખ પાંસઠ હજાર છસો એકવીસ પુરાનો તા.૩૧/૧૦/૨૦૧૪ ના રોજ ઉધાર માલની ખરીદી કરેલ છે. આમ આ કામના પ્રતિવાદીએ તા.૧/૪/૨૦૧૩ થી તા.૩૧/૩/૨૦૧૫ સુધીનો કુલ રકમ રૂા. ૭૫,૪૧,૭૯૬/– અંકે રૂપિયા પંચોતેર હજાર એકતાલીસ હજાર સાતસો છનું પુરાનો માલ ઉધાર ખરીદી કરેલ છે અને આ કામના પ્રતિવાદીએ તા.૧/૪/૨૦૧૩ થી તા. ૩૧/૩/૨૦૧૫ સુધીનો કુલ રકમ રૂા. ૫૪,૬૬,૮૧૦/– અંકે રૂપિયા ચોપન લાખ

છાસાઈઠ હજાર આઠસો દસ પુરા જમા કરાવેલ અને આ કામના પ્રતિવાદીએ અમોને રકમ રૂા. ૨૦,૭૪,૯૮૬/- અંકે રૂપીયા વીસ લાખ ચુમોતેર હજાર નવસો છીયાસી પુરા બાકી લેણા નીકળે છે. જે લેજરના ઉતારામાં આ કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં રજુ રાખેલ છે.) આમ ઉપરોકત વિગતે અમો વાદીને તા.૧/૪/૨૦૧૫ થી તા.૩૧/૩/૨૦૧૬ સુધીમાં આ કામના પ્રતિવાદી પાસેથી રકમ રૂા. ૨૦,૭૪,૯૮૬/- અંકે રૂપીયા વીસ લાખ ચીમોતેર હજાર નવસો છીયાસી પુરા બાકી લેણા નીકળે છે. તે માંહેથી આ કામના પ્રતિવાદી ધ્વારા અલગ અલગ દીવસે કુલ રકમ રૂા.૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ પુરા જમા કરાવેલ છે. આમ આ કામના પ્રતિવાદી પાસેથી અમો વાદીને બાકી લેણાની રકમ રૂા.૧૭,૭૪,૯૮૬/- અંકે રૂપિયા સતર લાખ ચુમોતેર હજાર નવસો છીયાસી પુરા બાકી નીકળે છે. તેમજ આ કામના પ્રતિવાદીએ સદરહું ઉધાર માલની ખરીદી કરતી વખતે અમો વાદીને એવુ જણાવેલ કે થોડા સમયમાં આ રકમ અમો વાદીને ચુકતે આપી દેવાનું ખાત્રી, વચન, અને વિશ્વાસ આપેલ અને જણાવેલ કે "સદરહું ઉધાર માલના પૈસા તમો જયારે પણ માંગશો ત્યારે અમો સદરહું પૈસા આપી દઈશુ. તેમાં કોઈપણ પ્રકારની આનાકાની કરીશુ નહી. તેમજ અમો વાદીને આ કામના પ્રતિવાદી તરફથી બાકી લેણાની રકમ નિયત સમયમાં ચુકવણુ ન થતા અમો વાદીને ધંધામાં નાણાની જરૂરત હોવાથી આ કામના પ્રતિવાદીઓ પાસે લેણી રકમ ઘણા સમય પહેલા અમોની બીલની બાકી નીકળતી લેણી રકમ અંગે અવાર-નવાર ઉઘરાણી કરેલ તેમ છતાં આ કામના પ્રતિવાદી ખોટા વાયદા આપીને સમય વ્યતીત કર્યે જતા હોય તેમજ આ કામના પ્રતિવાદીની ધંધાની શાખ અને આબરૂની અમો વાદી પાસે યાતના કરી થોડો વધુ સમય રાહ જોવા વિનંતી કરતા અમો વાદીએ આ કામના પ્રતિવાદી પ્રત્યે સહાનુભુતિ દાખવી થોડો સમય રાહ જોયેલ તેમ છતાં આ કામના પ્રતિવાદીએ તેઓએ માંગણી કરેલ સમયમાં પણ બાકી લેણાની રકમની ચુકવણી કરેલ ન હોય આથી ફરીથી અમો વાદીએ આ કામના

પ્રતિવાદીઓ પાસે રકમની ઉઘરાણી કરતા આ કામના પ્રતિવાદીએ જણાવેલ કે હાલમાં કોઈ જ રકમ થાય તેમ નથી અમો પાસે પૈસાની સગવડ થશે એટલે અમો આપી દઈશું તેમ અમોને જણાવેલ. અને તમોને તમારી બાકી નીકળતી રકમ અવશ્ય મળી જશે તવો પણ ભરોસો અને વચન, વિશ્વાસ આ કામના પ્રતિવાદીએ અમો વાદીને આપેલ." આમ અમો વાદીએ આ કામના પ્રતિવાદીનાઓ પર વિશ્વાસ રાખેલ તેમ છતાં અમોની બાકીની રકમની ચુકવણી કરેલ નથી.

પ્રતિવાદીએ અમો વાદીની બાકી નીકળતી લેણી રકમ ઉપરોકત પારાની વિગતે આ કામના પ્રતિવાદી સમયસર ચુકવી શકેલ ન હોય અમો વાદીને ધંધામાં રોકાણ પણ કરી શકેલ ન હોય તેમજ અમો વાદીને વ્યાજની નુકશાની પણ કરાવેલ હોય તેમજ આમ પ્રતિવાદીનું આ કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય તેમજ અમારી બાકી લેણી રકમ નહી મળતા અમો વાદી અવાર નવાર માંગણી કરવા છતા આપતા ન હોય તેમજ ખોટો સમય વ્યતિત કર્યે જતા હોય અને આ કામના પ્રતિવાદી જણાવતા કે અમોને બીજા પાસેથી પૈસા લેવાના બાકી હોય ઉઘરાણી આવેલ ન હોય તેમજ થોડો સમય આપો તેમજ ખોટી આજીજી કરી ખોટા બહાનાઓ બતાવી અમો વાદીની રકમ રોકી રાખેલ હોય અને આ રકમ નહી આપી હજમ કરી જવાનો મલીન ઈરાદો આ કામના પ્રતિવાદી ધરાવતા હોય અને અમો વાદીની બાકી નીકળતી લેણી રકમ ચુકવેલ ન હોય આથી ના છુટકે અમો વાદીએ અમારા વકીલશ્રી મારફત તા.૫/૪/૨૦૧૬ ના રોજ રજી. એડી મારફત નોટીસ આપેલ હોય જે નોટીસ પ્રતિવાદીને મળી ગયેલ હોય તેમ છતા અમો વાદીને અમારી બાકી નીકળતી લેણી રકમ ચુકવેલ નથી. તેમજ અમારી નોટીસનો પણ તેમના વકીલશ્રી મારફત ઉડાવ જવાબ આપેલ હોય અને અમોની બાકી નીકળતી લેણી રકમ ચુકવેલ નથી. આમ આ કામના પ્રતિવાદી સદરહું અમો વાદીની લેણી રકમ ચુકવવા માંગતા ન હોય આથી આ દાવો લાવવાની અમોને જરૂરત ઉભી થયેલ છે.

અમો વાદીની બાકી નીકળતી લેણી રકમ અંગે પ્રતિવાદીને અવાર નવાર જણાવેલ હોય તેમજ ઉપરોકત વિગતે પ્રતિવાદીને નોટીસ મોકલેલ હોય જે નોટીસ પ્રતિવાદીને મળી ગયેલ હોય તેમ છતાં અમો વાદીને અમારી બાકી નીકળતી લેણી રકમ આજદીન સુધી ચુકવેલ ન હોય તેથી અને ત્યારથી આ દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે અને હાલમાં પણ ચાલુ છે.

વાદીની ફેકટરી આપ નામ. કોર્ટની હકુમતમાં આવેલ હોય તેમજ સદરહુ દાવાનો વ્યવહાર આપ નામ. કોર્ટની હકુમતમાં થયેલ હોય તેમજ અમો વાદી આપ નામ. કોર્ટની હકુમતમાં રહેતા હોય આથી આ દાવો ચલાવવા તથા તેનો નિકાલ કરવા આપ નામ. કોર્ટને સંપુર્ણ સત્તા અને અધિકાર હોય તેમજ આપ નામ. કોર્ટની હકુમતમાં આવેલ છે. વાદીની આ કામના પ્રતિવાદી પાસેથી તા.૧/૪/૨૦૧૫ થી તા.૩૧/૩/૨૦૧૬ સુધીમાં આ કામના પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૨૦,૭૪,૯૮૬/– અંકે રૂપીયા વીસ લાખ ચુમોતેર હજાર નવસો છીયાસી પુરા બાકી લેણા નીકળે છે. તે માંહેથી આ કામના પ્રતિવાદી ધ્વારા રકમ રૂા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ પુરા જમા કરાવેલ છે. આમ આ કામના પ્રતિવાદી પાસેથી અમો વાદીને બાકી લેણાની રકમ રૂા. ૧૭,૭૪,૯૮૬/– અંકે રૂપિયા સતર લાખ ચુમોતેર હજાર નવસો છીયાસી પુરા બાકી નીકળે છે. જે અંગે અમોએ અવાર–નવાર અમોએ આ કામના પ્રતિવાદી પાસે માંગણી કરેલ છે. તેમજ અમોએ અમારા વકીલશ્રી મારફત પણ નોટીસ મોકલાવેલ હોય જે નોટીસ. પ્રતિવાદીને મળી ગયેલ હોય તેમ છતાં આજદીન સુધી કોઈ રકમ અમોને આપવામાં આવેલ નથી. તેમજ તેમના વકીલશ્રી મારફત ઉડાવ જવાબ આપેલ છે. તેમજ અમો વાદીની બાકી નીકળતી લેણી રકમ ચુકવેલ ન હોય આથી અમારે હાલનો આ દાવો લાવવો પડેલ હોય જે અમારો દાવો દેખીતી રીતે જ મુદતમાં છે.

વાદીને પ્રતિવાદીઓ પાસેથી બાકી નીકળતી લેણી રકમ રૂા. ૧૭,૭૪,૯૮૬/– અંકે રૂપિયા સતર લાખ ચુમોતેર હજાર નવસો છીયાસી પુરા બાકી

હોય આથી આ દાવાનો આંક રૂા. ૧૭,૭૪,૯૮૬/- નો બાંધેલ છે. તેમજ તેના પર થતી કોર્ટ ફી રકમ રૂા.૩૩,૫૫૦/- થાય છે. તેમજ પ્રોસેસ ફી રૂ.૨૦-૦૦ પૈસા થાય છે જે આ સાથે રજુ છે. તેમજ પ્રતિવાદીની નકલ આ દાવા સાથે રજુ રાખેલ છે.

સબબ આ અરજી કરી અરજ કરવાની કે, આ કામના અમો વાદીના આ કામના પ્રતિવાદી પાસે દાવામાં જણાવ્યા મુજબના ઉધાર માલની ખરીદીના બાકી નીકળતી લેણી રકમ રૂા.૧૭,૭૪,૯૮૬/- અંકે રૂપિયા સતર લાખ ચુમોતેર હજાર નવસો છીયાસી પુરા નીકળે છે તેમ ઠરાવી આપવા હુકમ કરવા અરજ છે તેમજ આ બાકી નીકળતી લેણી રકમ પ્રતિવાદીઓ જાતે તથા તેની જાત મિલકતમાંથી દાવાવાળી બાકી નીકળતી લેણી રકમ અમો વાદીને ચુકવી આપવા જવાબદાર થાય છે. તેમજ અમો વાદી દાવા મુજબની રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર થાય છે તેવો હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તેમજ આ દાવાની બાકી નીકળતી લેણી રકમ ઉપર વ્યાપારી શીરસ્તા પ્રમાણે વ્યાજ ૧૮ ટકા લેખે અમો વાદીને ચુકવવા આ કામના પ્રતિવાદી જવાબદાર થાય છે તેમ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તથા આ દાવાનું હુકમનામું અમો વાદીની તરફેણમાં અને આ કામના પ્રતિવાદીની વિરૂધ્ધમાં ફરમાવવા હુકમ કરવા અરજ છે. તેમજ આ દાવાને અનુરૂપ આપ નામદાર કોર્ટને યોગ્ય અને ન્યાયી લાગે તે તમામ આનુષંગીક દાદ વાદીને પ્રતિવાદી પાસેથી અપાવવા નમ્ર અરજ છે.

**(૨)** વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-:: મૌખીક પુરાવો ::-**

| નં. | વિગત | આંક. |
|---|---|---|
| ૧. | વાદી વિપુલ નારણભાઈ શેરસીયાનું સરતપાસનું સોગંદનામું | ૧૮ |

## -:: દસ્તાવેજી પુરાવો ::-

| નં. | દસ્તાવેજની વિગત. | આંક. |
|---|---|---|
| ૧. | બાલાજી પેકેજીંગ ભાગીદારી બંધારણ ફેરફારનો દસ્તાવેજની ખરી નકલ | ૨૦ |
| ૨. | તા.૧/૪/૨૦૧૩ થી તા.૩૧/૩/૨૦૧૬ પુરાનું આ કામના પ્રતિવાદીના એકાઉન્ટનો લેઝરનો ઉતારાની નકલ | ૨૧ |
| ૩. | બીલોના ઈન્વોઈસ નંબરની નકલો | ૨૨ થી ૫૨ |
| ૪ | તા.૫/૪/૨૦૧૬ ની વાદીએ આપેલ નોટીસની નકલ | ૫૩ |
| ૫ | પ્રતિવાદીના વકીલશ્રીનો તા.૨૮/૪/૨૦૧૬ ના જવાબ અસલ | ૫૪ |
| ૬ | રજી.એડી. ની સ્લીપ કુલ-૮ અસલ | ૫૫ |
| ૭ | પ્રતિ.નં.૧ ની એકનોલોજમેન્ટ સ્લીપ અસલ કુલ-૨ | ૫૬ |
| ૮ | પ્રતિ.નં.૧ ની એકનોલોજમેન્ટ સ્લીપ અસલ કુલ-૨ | ૫૭ |
| ૯ | પ્રતિ.નં.૧ ની એકનોલોજમેન્ટ સ્લીપ અસલ કુલ-૨ | ૫૮ |
| ૧૦ | પ્રતિ.નં.૧ ની એકનોલોજમેન્ટ સ્લીપ અસલ કુલ-૨ | ૫૯ |
| ૧૧ | કુલમુખત્યારનામાની ખરી નકલ | ૬૦ |
| ૧૨ | ભાગીદારી ડીડની નકલ | ૬૬ |
| ૧૩ | બાલાજી પેકેજીંગના ભાગીદારી પેઢીનું કુલમુખત્યારનામુ | ૬૭ |

(૩) વાદી તરફે વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે હાલના દાવામા સમન્સ બજતા પ્રતિવાદી તેમના વિ.વકીલ મારફતે હાજર થયેલા અને જુદી જુદી અરજીઓ આપેલી ત્યારબાદ પ્રતિવાદી કે તેમના વકીલશ્રી હાજર રહેલા નથી કે પોતાના બચાવમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ વાદીએ આંક-૧૮ થી સોગંદનામુ આપી અને આંક-૨૨ થી આંક-૫૨ સુધીના ઇન્વોઇસ બીલો પ્રતિવાદીને જે માલ આપેલો તેના છે. જે લેઝરના ઉતારાની નકલ આંક-૨૧ થી રજુ છે તે જોતા પણ દાવાવાળી રકમ પ્રતિવાદી પાસેથી લેવાની નીકળે છે તેમજ આંક-૨૦ થી વાદી ભાગીદારી પેઢીનો દસ્તાવેજ રજુ કરેલ છે. આમ વાદી પોતાના દસ્તાવેજી પુરાવા થકી પોતાનો કેસ સાબીત કરતા હોય

વાદીની તરફેણમાં માગ્યા મુજબનું હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

પ્રતિવાદીને હાલના દાવાનો સમન્સ બજતા પ્રતિવાદી તેમના વકીલ મારફતે તા.૧૨/૮/૨૦૧૬ નારોજ હાજર થયેલા અને આંક–૬ અને ૭ થી વકીલપત્ર રજુ કરેલ હતુ અને પ્રતિવાદી તરફે આંક–૮ થી આંક–૯ થી મુદત અરજી આપેલ હતી. પરંતુ પ્રતિવાદીને અત્રેની કોર્ટે પુરતી અને વ્યાજબી તકો આપવા છતા પ્રતિવાદી કે તેમના વકીલશ્રી હાજર રહેલા નથી. પ્રતિવાદીએ હાલના દાવામાં પોતાના બચાવમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી કે વાદીએ જે આંક–૧૮ થી પુરાવાનું સોગંદનામું આપેલ છે તેની ઉલટ પણ પ્રતિવાદી તરફે થયેલ નથી. આમ કાયદાનો એ સીધ્ધાંત છે કે જે વ્યકિત પોતાના હકકો માટે જાગૃત હોય કાયદો તેને મદદ કરે છે. અહીં પ્રતિવાદી પોતાના હકકો માટે જાગૃત નથી.

**(૪)** આ કામે ઉપરોકત રજુ થયેલ પ્લીડીંગ તથા દસ્તાવેજી પુરાવાઓને આધારે આંક–૧૬ થી નીચે મુજબના મુદ્દા મારા અગાઉના વિદ્દાન ન્યાયાધીશ સાહેબે ઘડેલ હતા.

**<u>:–મુદાઓ:–</u>**

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેઓ ભાગીદારી પેઢી છે અને પ્રતિવાદીએ વાદી પેઢી પાસેથી જુદા–જુદા સમય દરમ્યાન ઉધાર માલ રૂા. ૩૩,૧૫,૪૫૯/–નો લીધેલ હતો ?

(૨) શું વાદી સાબીત કરે છે કે તેમણે પ્રતિવાદીને રૂા.૩૩,૧૫,૪૫૯/–નો ઉધાર માલ આપેલ અને હિસાબ પેટે રૂા.૧૭,૭૪,૪૮૬/–ની રકમ લેવાની નીકળે છે ?

(૩) શું પ્રતિવાદી સાબીત કરે છે કે આ દાવો ચલાવવાની કોર્ટને હુકમત નથી ?

(૪) શું વાદી વ્યાજ મેળવવા હકકદાર છે જો હા તો કેટલા ટકા મેળવવા હકકદાર છે?

(૫) શું પ્રતિવાદી સાબીત કરે છે કે આવી કોઈ રકમ પ્રતિવાદીએ વાદીને આપવાની થતી નથી ?

(૬) શું વાદી માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ અને હુકમનામું ?

મારા ઉપરોકત મુદાના જવાબો નીચે મુજબ આપવામાં આવેલા છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) નકારમાં

(૪) હકારમાં

(૫) નકારમાં

(૬) હકારમાં

(૭) આખરી હુકમ મુજબ.

**-::કારણો::-**

**(૫) મુદા નં. ૧ થી ૭ ના કારણો ની વિગતવારની ચર્ચા નીચે મુજબ કરવામા આવેલ છે.**

**મુદ્દા નં.૧,૨,૪ તથા ૬ :-**

ઉપરોકત મુદા નં.૧,૨, ૪ અને ૬ આ મુદ્દા વાદીએ સાબીત કરવાના છે તેમજ પુનરાવર્તન ટાળવા માટે અને તેના નિર્ણયો અને કારણોની ચર્ચા એકસાથે કરવામા આવેલ છે. પ્રતિવાદીએ કોઇ બચાવ રજુ કરેલ નથી કે વાદીની ઉલટ કરેલ નથી.

વાદીએ હાલનો દાવો તેમની ભાગીદારી પેઢી વતીથી તેમના ભાગીદાર તથા કુલમુખત્યાર દરજજે વિપુલભાઇ નારણભાઇ શેરસીયા નાઓએ દાખલ કરેલ હતો વાદીના દાવાની હકીકત એવી છે કે, તેઓની પેઢી કોરૂગેટેડ બોક્ષ, કોરૂગેટેડ સીટ, તથા તમામ પ્રકારના પેકીંગ મટીરીયલ્સનુ ઉત્પાદન તેમજ તેના ખરીદ વેચાણનુ કામ કરે છે. તેમજ પ્રતિવાદી પણ કોરૂગેટેડ બોક્ષ, કોરૂગેટેડ સીટ તથા તમામ પ્રકારના પેકીંગ મટીરીયલ્સનુ વેચાણ કરતા હોય વાદી ઓળખે છે જેથી પ્રતિવાદીએ તેનો સંપર્ક કરેલ તા.૧/૪/૧૩ થી ૩૧/૩/૧૪ ના સમય દરમ્યાન અલગ અલગ બીલ થકી રૂા.૩૩,૧૫,૪૫૯/-ઉધાર માલ ખરીદેલ હતો. ત્યારબાદ ટૂકડે ટૂકડે કેટલીક રકમ આપેલી હતી છેલ્લે વાદીને રૂા.૧૭,૭૪,૯૮૬/- લેવાના નીકળે છે જે વાદી ન આપતા

હાલનો દાવો કરતા અગાઉ વાદીએ પ્રતિવાદીને નોટીસ કરેલ હતી જેની ઓફીસ કોપી આંક–૫૩ થી રજુ છે આ નોટીસનો પ્રતિવાદીએ તેમના વકીલ મારફતે આંક–૫૪ થી જવાબ પણ આપેલ હતો. વાદી તરફે આંક–૨૦ થી ભાગીદારી પેઢી નો દસ્તાવેજ રજુ કરેલ છે તે જોતા વાદીની ભાગીદારી પેઢી હોવાનુ ફલિત થાય છે તેમજ આંક–૨૧ થી પ્રતિવાદી નુ જે લેઝર એકાઉન્ટ છે તેની નકલ રજુ કરેલ છે. તેમજ આંક–૨૨ થી આંક–૫૨ સુધી વાદીએ પ્રતિવાદીને જે માલ આપેલ તેના બીલ રજુ કરેલ છે. પ્રતિવાદીને પુરતી અને વ્યાજબી તકો આપવા છતા પ્રતિવાદીએ પોતાના બચાવમા કોઇ પુરાવો રજુ કરેલ નથી કે વાદીએ જે પુરાવો રજુ કરેલ છે તેનાથી વિરૂધ્ધની હકકીત રેકર્ડ પર લાવેલ નથી જેથી પણ વાદીના પુરાવાને નહી માનવાને કોઇ કારણ નથી.

વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ સબંધે કોઇ સ્પષ્ટ કરાર થયેલ નથી ત્યારે કોર્ટે સી.પી.સી. કલમ ૩૪ ની જોગવાઇ ધ્યાને લીધી. તેમજ Bank Of India v.Ravindra, (2002) 1 SCC 367 આ ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સીધ્ધાંતોને ધ્યાને લેતા ૭% વ્યાજ આપવુ નામ. કોર્ટને ન્યાયોચિત જણાય છે. આમ ઉપરોકત ચર્ચા અને કારણો થકી મુદા નં.૧, ૨, ૪ અને ૬ નો જવાબ હકારમાં આપવામા આવે છે.

**મુદ્દા નં.૩ તથા ૫ :–**

સદરહું મુદ્દા પ્રતિવાદીએ સાબિત કરવાના છે. પરંતુ પ્રતિવાદીને દાવાનો સમન્સ બજતા વકીલ મારફતે પ્રતિવાદી હાજર થયેલા અને આંક–૬, ૭ થી વકીલપત્ર રજુ કરેલુ અને આંક–૮ અને ૯ થી મુદત અરજી આપેલ હતી. પરંતુ ત્યારબાદ પ્રતિવાદી કે તેમના વકીલશ્રી કોર્ટમાં હાજર રહેલા નથી અને વાદીની ઉલટ કરેલ નથી અને પોતાની તરફેણમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી. જેથી પ્રતિવાદીના બચાવમાં અભાવ છે. તેમજ દાવો કઇ રીતે આ કોર્ટને ચલાવવાની હકુમત નથી તેવુ બતાવી શકેલ નથી. જયારે વાદી પોતાના પુરાવા થકી આ કોર્ટને દાવો ચલાવવાની હકુમત છે તેવુ સ્પષ્ટ કરેલ છે.

જેથી ઉપરોકત મુદ્દા નં.૩ તથા ૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

આમ ઉપરોકત ચર્ચા કરી એ પ્રમાણે મુદ્દા નં.૧,૨, ૪ અને ૬ વાદી પોતાના પુરાવા થકી સાબીત કરેલ હોય તેનો જવાબ હકારમાં આપવામા આવે છે. તેમજ મુદ્દા નં.૩ અને ૫ પ્રતિવાદી પોતાના પુરાવા થકી સાબીત કરી શકતા ન હોય તેનો જવાબ નકારમાં આપવામા આવે છે. આમ કાયદાના દરેક દ્રષ્ટિકોણથી વાદી પોતાનો દાવો સાબિત કરી શકેલ છે તેવુ રેકર્ડ ઉપરથી ફલિત થાય છે અને માનવામાં આવે છે. જેથી મુદ્દા નં.૭ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે .

**<u>//આખરી હુકમ//</u>**

(૧) વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૧૭,૭૪,૯૮૬/- મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) વાદી રૂા.૧૭,૭૪,૯૮૬/- દાવો કર્યા તા.૩/૮/૨૦૧૬ થી વાર્ષિક ૭% વ્યાજ સાથે જયા સુધી પ્રતિવાદી રકમ ચૂકવે નહી ત્યાં સુધી વ્યાજ મેળવવા હકકદાર છે.

(૪) પ્રતિવાદીએ તેમનો તથા વાદીનો ખર્ચ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મોરબી.
તારીખ : ૦૨.૦૭.૨૦૨૬

**(પ્રશાંત પરમાનંદ શાહ)**
પ્રિન્સી. સીનીયર સીવીલ જજ,મોરબી.
U.I.C. NO.GJ00665

//MRM//